જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૨૦/૧૧/૨૦૧૮ મંગળવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૨૬૧/૧૮

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૬ કેસ કરી, ૫૨ વ્યક્તિઓને ઝડપી, ૨૦૦ લીટર દેશી દારૂ, ૫૬૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૧ સ્કૂટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૨ કેસ કરી ૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૬,૩૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૨૬૨/૧૮

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૭૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી-૯૩ મુજબ ૨૦ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૨૨૬૩/૧૮

**વસ્ત્રાપુરઃ** કાંતિલાલ ગોરધનદાસ પટેલ (ઉ.વ.૬૮)(રહે.સ્વતંત્ર પાર્શ્વનાથ સોસાયટી, રાણીપ) એ તા.૧૯/૧૧/૧૮ ના રોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૧/૦૬/૨૦૧૬ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન બોડકદેવ, જજીસ બંગલો સામે, આઇ.ઓ.સી.પેટ્રોલ પંપની સામે, પ્લેટીનીયમ પ્લાઝા ખાતે આરોપી (૧) શ્રીમતી ધ્રુતિ પુંચ અને (૨) રીકીન પુંચ (બંને રહે. ચોથે માળ સુરેલ એપાર્ટ્મેંટ, સત્યાગ્રહ છાવણીની બાજુમા, વસ્ત્રાપુર) એ ભેગા મળી કાંતિલાલની પુત્રવધુ કોમલને વિદેશમાં મોકલવાની લાલચ આપી, કાંતિલાલ પાસેથી આશરે રૂપિયા ૧૫,૦૦,૦૦૦/- મેળવી લઇ, પુત્રવધુ કોમલને આજદીન સુધી વિદેશ નહી મોકલી કાંતિલાલ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એન.પટેલ ચલાવે છે.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૨૨૬૪/૧૮

**સરદારનગરઃ** ગોવિંદરામ સુગનોમલ મુરજાણી (રહે.ઉર્વશી બંગ્લોઝ રાધા સોસાયટીની બાજુમા માયા સિનેમા રોડ કુબેરનગર સરદારનગર) એ તા.૧૯/૧૧/૧૮ નારોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૭/૧૧/૧૮ રાતના ૧૦/૦૦ થી તા.૧૬/૧૧/૧૮ સાંજના ૫/૧૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, લાકડાની તિજોરીના ડ્રોવરમાંથી સોનાના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૩,૨૫,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.એન.વિરાણી ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૨૨૬૫/૧૮**

**વેજલપુરઃ** સલીમભાઇ મોતીભાઇ સિપાઇ(ચૌહાણ)(ઉ.વ.૪૫)(રહે. દસાડાવાળા ની ચાલી નુરેમહંમદિ મસ્જીદ પાછળ સંગમ સિનેમા પાછળ મકરબા સરખેજ) એ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૯/૧૧/૧૮ ના કલાક ૭/૧૫ વાગ્યાના સુમારે ગુલઝાર પાર્ક પાસે રેજન્સી પાર્ક પ્લાઝા સામે જુહાપુરા થી સરખેજ જવાના રોડ ઉપરથી સલીમભાઇની પત્ની રેહાનાબાનું પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક છોટા હાથી ફોર વ્હીલ ગાડી નંબર જીજે.૦૧.એ.યુ.૯૨૫૧ નો અજાણ્યો ચાલક પોતાની છોટા હાથી ગાડી પુરઝડપે અને બેદરકારીપૂર્વક ચલાવી લાવી, રેહાનાબાનુ ને ટક્કર મારી, શરીરે ગંભીર ઇજાઓ પહોંચાડી તેમનું મૃત્યુ નિપજાવી ગાડી મુકી નાસી ગયો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.ડી.રોહિત ચલાવે છે.

**માધવપુરાઃ** ગોવિંદભાઇ મફાજી ઠાકોર (ઉ.વ.૫૮)(રહે.ઠાકોરવાસ પમ્પીંગ સ્ટેશનની સામે, મહેંદીકુવા) એ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૮/૧૧/૧૮ સાંજના ૭/૩૦ વાગ્યાના સુમારે છોટાલાલની ચાલી કે.ટી.દેસાઇ સ્કુલની આગળ રોડ ઉપર થી ગોવિંદભાઇના નાનાભાઇ રમેશભાઇ મફાજી ઠાકોર (ઉ.વ.૪૦) ચાલતા પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક અજાણ્યો રિક્ષા ચાલક (જેના નામ-નંબરની ખબર નથી તે) રીક્ષા પુરઝડપે અને બેદરકારીપૂર્વક ચલાવી લાવી, રમેશભાઇને ટક્કર મારતા, શરીરે માથાના ભાગે ગંભીર ઇજાઓ થતા સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૯/૧૧/૧૮ કલાક ૯/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.કે.સોલંકી ચલાવે છે.

**ત્યજી દીધેલ નવજાત બાળકી મળી આવવા બાબતઃ-** **સમાચાર યાદી નં.૨૨૬૬/૧૮**

**રખિયાલઃ** તા.૧૯/૧૧/૧૮ ના કલાક ૮/૦૦ વાગ્યા પહેલા રખીયાલ મહાગુજરાત બેકરીની બાજુમાં ડાહ્યાભાઇ કડીયાની ચાલીની અંદર આવેલ પાતળી ગલીમાં કચરાની ડોલમાં એક તાજી જન્મેલી જીવીત બાળકી બિનવારસી ત્યજી દિધેલ હાલતમાં મળી આવતા, રખિયાલ પોલીસે અજાણી વ્યક્તિ વિરૂધ્ધ ગુનો નોંધી આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.જે.હળવદીયા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૨૬૭/૧૮**

**સાબરમતીઃ** વિજયભાઈ રાજેન્દ્રભાઈ ગૌર (ઉ.વ.૨૩) (રહે. બ્લોક નંબર-૪ નંદનવન ફ્લેટ સામર્થ સ્ટેટસ ની સામે ડી કેબીન સાબરમતી) એ અગમ્ય કારણસર તા.૧૯/૧૧/૧૮ સવારના સમયે સાબરમતી ડીકેબીન ફાટક કિ.મી ૭૭૬/૧૪ પાટા નજીક ટ્રેઈન નીચે પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રસિકભાઇ વિઠ્ઠલભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.